નડિયાદ પાલિકાના ઠરાવ બાદ પણ માણેકચોકમાં દુકાનોનો કબજો લેવામાં પાછીપાની

# નડિયાદ શહેરમાં માણેકચોકની 25 દુકાનનો કબજો લેવામાં મનપા નિષ્ફળ

**લારીઓ** માટે 1981માં ફાળવાયેલી જગ્યા પર ગેરકાયદે પાકા બાંધકામો ખડકાયા



(પ્રતિનિધિ) નડિયાદ તા.16

નડિયાદ મહાનગરપાલિકાના વહીવટી તંત્રની ઉદાસીનતાને કારણે શહેરના હાર્દસમા માણેકચોક વિસ્તારમાં કરોડો રૂપિયાની મિલકતો પર અતિક્રમણની સમસ્યા વકરી છે. વર્ષ 2022ના અંતમાં મળેલી સામાન્ય સભામાં ઠરાવ નંબર 67 મુજબ, મલાવ તળાવ પૈકીની 1થી 25 દુકાનો અને ખુલ્લી જગ્યાઓનો કબજો પરત લેવા સ્પષ્ટ આદેશ કરાયો હતો, છતાં તેની અમલવારીમાં તંત્ર દ્વારા ઘોર બેદરકારી દાખવવામાં આવી રહી છે.

નડિયાદ પાલિકાના રેકોર્ડ મુજબ, વર્ષ 1981માં લારીધારકોને માત્ર 120 ચોરસ ફૂટની જગ્યા લાઈસન્સ ફીથી ફાળવવામાં આવી હતી, જેમાં પાકા બાંધકામની સખત મનાઈ હતી. તેમ છતાં, નિયમોનો સરેઆમ ભંગ કરી અહીં પાકા બાંધકામો કરી દેવાયા છે અને આ મિલકતો અન્ય લોકોને પેટા ભાડે આપી દેવાનું વ્યવસ્થિત કૌભાંડ પણ સામે આવ્યું છે. જો આ મહત્વની કોમર્શિયલ જગ્યાઓ ખાલી કરાવી જાહેર હરાજી કરવામાં આવે તો પાલિકાને લાખોની આવક થઈ શકે તેમ છે, પરંતુ રાજકીય દબાણ કે અધિકારીઓની ઈચ્છાશક્તિના અભાવે કાર્યવાહી માત્ર કાગળ પર રહી છે.

### સરકારી મિલકત પર ખાનગી હાટડીઓનું કૌભાંડ ?

મૂળ લાભાર્થીઓએ પાલિકાની જગ્યા ત્રીજી વ્યક્તિને વેચાણથી અથવા ઊંચા ભાડે આપી દીધી છે. 1999માં ભાડે આપવાના ઠરાવો રદ થયા હોવા છતાં, ગેરકાયદે તત્વો અન્ય વ્યાપારીઓ કે લારી-ગલ્લા વાળાઓ પાસેથી રોજેરોજનું કે માસિક ઉઘરાણું કરી રહ્યા છે. પાલિકા દ્વારા ભાડું વસૂલવાનું બંધ કરાયું હોવાથી દબાણકર્તાઓ હવે મફતમાં સરકારી જમીન વાપરી રહ્યા છે.

### શેડ તોડ્યા પણ કબજો ન લીધો !

વિવાદિત જગ્યા પર ભૂતકાળમાં પાલિકાએ દેખાડો કરવા માટે દબાણ હટાવ ઝુંબેશ કરી હતી. તે સમયે ગેરકાયદેસર શેડ તોડી પાડવામાં આવ્યા હતા, પરંતુ જમીનનો ભૌતિક કબજો પાલિકાએ હસ્તક લીધો નહોતો. આ છીંડાનો લાભ લઈ દબાણકર્તાઓ આજે પણ ત્યાં અડ્ડો જમાવીને બેઠા છે અને ખાનગી રાહે ભાડા ઉઘરાવી ધીકતી કમાણી કરી રહ્યા છે.

અમેરિકા લઇ જવાના સ્વપ્ન બતાવી 65 લાખની ખંડણી ઉઘરાવી

# અઝરબૈજાનમાં 'ડંકી રૂટ'નો ભોગ બનેલા યુવક-યુવતી પરત લવાયાં

**10 દિવસના** બંધકવાસ બાદ વિદેશ મંત્રાલયના પ્રયાસોથી છુટકારો થયો



(પ્રતિનિધિ) આણંદ તા.16

અમેરિકા જવાના મોહમાં આંતરરાષ્ટ્રીય માનવ તસ્કરી ગેંગની જાળમાં ફસાયેલા આણંદના બે યુવાનો આખરે મોતના મુખમાંથી બહાર આવી સુરક્ષિત રીતે વડોદરા એરપોર્ટ પહોંચ્યા છે. અઝરબૈજાનમાં 10 દિવસ સુધી બંધક બનાવી રખાયેલા આ યુવક-યુવતીને છોડાવવા માટે તેમના પરિવારે રૂ. 65 લાખની જંગી ખંડણી ચૂકવવી પડી હતી. સોમવારે સવારે વડોદરા એરપોર્ટ પર સંતાનોને હેમખેમ જોઈને પરિવારજનો ડૂસકે ચઢી ગયા હતા અને ભાવુક દ્રશ્યો સર્જાયા હતા.

મુંબઈના એજન્ટોએ આ યુવાનોને વાયા અઝરબૈજાન અને કેનેડા થઈને 'ડંકી રૂટ' દ્વારા અમેરિકા મોકલવાની લાલચ આપી હતી. જોકે, અઝરબૈજાન પહોંચતા જ તેમને બંધક બનાવી લેવામાં આવ્યા હતા. અપહરણકર્તાઓએ યુવાનોને મારપીટ કરી, વીડિયો કોલ દ્વારા તેમના પરિવારજનોને ધમકાવી લાખો રૂપિયા પડાવ્યા હતા. લાખોની ખંડણી વસૂલ્યા બાદ પણ આરોપીઓ તેમને મુક્ત નહોતા કરી રહ્યા. આ મામલો સામે આવતા જ આણંદના સાંસદ મિતેશભાઈ પટેલે તાત્કાલિક વિદેશ મંત્રાલય અને ભારતીય દૂતાવાસનો સંપર્ક સાધ્યો હતો. વિદેશ મંત્રાલયે અઝરબૈજાનના સ્થાનિક પ્રશાસન સાથે સંકલન સાધીને યુવાનોને મુક્ત કરાવ્યા હતા. સાંસદે વડોદરા એરપોર્ટ પર યુવાનોનું સ્વાગત કરતા આ ઘટનાને અત્યંત ગંભીર ગણાવી હતી.

### ટેક્સી ચાલક ગલીઓમાં થઈને નિર્જન મકાને લઈ ગયો

ધ્રુવ અને દીપિકા દિલ્હીથી અજરબૈજાનના બાકુ એરપોર્ટ પહોંચ્યા હતા. ત્યાંથી તેમણે ગંતવ્ય સ્થાને પહોંચવા માટે ટેક્સી ભાડે કરી હતી, પરંતુ ટેક્સી ચાલક તેમને નિર્જન વિસ્તારમાં આવેલા એક અવાવરુ મકાને લઈ ગયો હતો. અહીં બંનેનું અપહરણ કરીને તેમને બંધક બનાવી લેવામાં આવ્યા હતા.

### એજન્ટોની લડાઈમાં પરિવારે 65 લાખ રૂપિયા ગુમાવ્યા

મુંબઈની એજન્ટ મમતાબેન ગાવિત અને અજરબૈજાન સ્થિત પવન વચ્ચે પૈસાની લેતીદેતીમાં માથાકૂટ થઈ હતી. શરૂઆતમાં પરિવારે મમતાબેનને 35 લાખ રૂપિયા આપ્યા હતા. બાદમાં પવને સીધા જ પરિવાર પાસે પૈસાની માંગણી કરતા ધ્રુવના પિતાએ 15 લાખ અને દીપિકાના પરિવારજનોએ 15 લાખ એમ કુલ 30 લાખ રૂપિયા ક્રીપ્ટો કરન્સી મારફતે પવનને મોકલી આપ્યા હતા.

### વિદેશ મંત્રાલયની મદદથી 'ઓપરેશન મહિસાગર'

જ્યારે વધુ પૈસાની માંગણી ચાલુ રહી, ત્યારે આખરે આ મામલે ભારતીય વિદેશ મંત્રાલયની મદદ લેવામાં આવી હતી. વિદેશ મંત્રાલયની દરમ્યાનગીરી બાદ અજરબૈજાન પોલીસે તુરંત કાર્યવાહી કરી, જે મકાનમાં બંનેને ગોંધી રાખ્યા હતા ત્યાં છાપો માર્યો હતો. પોલીસે ચાર અપહરણકારોને ઝડપી પાડીને ધ્રુવ અને દીપિકાને મોતના પંજામાંથી સુરક્ષિત છોડાવી લીધા હતા.

### પાકિસ્તાની પહેરો ગોઠવાયો હતો

અપહરણકારોનો ક્રૂર ચહેરો ત્યારે સામે આવ્યો જ્યારે પવન નામના શખ્સે ધ્રુવ અને દીપિકાના પરિવારજનોને વીડિયો કોલ કર્યો. પવને ધમકી આપી હતી કે જો પૈસા નહીં મળે તો બંનેની કિડની, લીવર અને આંખો કાઢીને વેચી મારવામાં આવશે. આ સાત દિવસ દરમિયાન બંનેને દર બે દિવસે માત્ર દાળ-ભાતનું ભોજન આપવામાં આવતું હતું. આશ્ચર્યની વાત એ છે કે તેમની દેખરેખ રાખવા માટે જે ત્રણ રખેવાળ રાખવામાં આવ્યા હતા, તે તમામ પાકિસ્તાની હોવાનું બહાર આવ્યું છે.

### ખાનપુરના કલેશ્વરી નાળ ખાતે મહાશિવરાત્રી મેળો યોજાયો



મહીસાગર જિલ્લાના ખાનપુર તાલુકામાં આવેલ ઐતિહાસિક અને પુરાતત્વીય મહત્વ ધરાવતા કલેશ્વરી નાળ ખાતે પરંપરાગત રીતે મહાશિવરાત્રી મેળાની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. છેલ્લા 25 વર્ષથી યોજાતા આ ભાતીગળ મેળામાં નૃત્યો, ગીતો, નાટક અને આખ્યાન દ્વારા સ્થાનિક કલાકારોએ લોકસંસ્કૃતિના દર્શન કરાવ્યા હતા. પ્રકૃતિની ગોદમાં વસેલા સાસુ-વહુની વાવ, શિવ મંદિર અને ભીમના પગલાં જેવા પૌરાણિક સ્થળો વચ્ચે યોજાયેલા આ મેળામાં દેશ-વિદેશના પ્રવાસીઓ ઉમટી પડ્યા હતા. વિવિધતામાં એકતાના દર્શન કરાવતા આ મેળામાં કલાકારો અને સાહિત્યકારોએ આકર્ષણ જમાવ્યું હતું, જ્યારે સુરક્ષાના ભાગરૂપે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

**તસવીર : ગીરીશ પંચાલ**

# આણંદમાં સ્પાના આડમાં દેહવ્યાપારનું રેકેટ પકડાયું

**એસઓજીના** દરોડામાં 11 થાઈલેન્ડની યુવતી સહિત 16 ઝડપાઈ

(પ્રતિનિધિ) આણંદ તા.16

આણંદ શહેરના 100 ફૂટ રોડ પર આવેલા નેપચ્યુન વિધી કોમ્પ્લેક્સના પ્રથમ માળે કાર્યરત 'નાના થાઈ સ્પા'માં સ્પાની આડમાં ચાલતી અનૈતિક પ્રવૃત્તિઓ પર સ્પેશિયલ ઓપરેશન ગ્રુપે (SOG) લાલ આંખ કરી છે. બાતમીના આધારે પાડવામાં આવેલી આ રેડમાં પોલીસને મોટી સફળતા મળી છે, જેમાં થાઈલેન્ડની 11 અને 5 ભારતીય પરપ્રાંતીય મળી કુલ 16 યુવતીઓ દેહવ્યાપારના નરકમાં ધકેલાયેલી મળી આવી હતી.

પોલીસ કાર્યવાહી દરમિયાન સ્પાના કાઉન્ટર પરથી 27 નંગ કોન્ડોમ, રોકડ રકમ 8,100 અને મોબાઈલ ફોન સહિત કુલ 28,100નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. દરોડા સમયે સ્પામાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો, જ્યાંથી પોલીસે રુપલલનાઓ અને ગ્રાહકોને રંગરેલિયા મનાવતા ઝડપી પાડ્યા હતા.

આણંદ એસઓજીએ સ્થળ પરથી સ્પા મેનેજર સુરજ અશોકકુમાર આચાર્યની ધરપકડ કરી છે. જ્યારે આ કુંટણખાનું ચલાવતા સંચાલકો જય અને મોહસીન નરસિંહદાની વિરુદ્ધ ગુનો નોંધી તેમને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે. આ કૌભાંડમાં સીધી કે આડકતરી રીતે સંડોવાયેલા તમામ શખ્સો વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે ખેડૂતો માટે ગુણવત્તાસભર બીજ ઉત્પાદન અંગે તાલીમ યોજાઈ

**આણંદ |** આણંદ કૃષિ યુનિવર્સિટી સંચાલિત કૃષિ સંશોધન કેન્દ્ર, મુવાલિયા ફાર્મ, દાહોદ ખાતે 'ગુજરાતના અગત્યના પાકોમાં ગુણવત્તાસભર બીજ ઉત્પાદન' વિષય પર એક દિવસીય તાલીમ કાર્યક્રમ યોજાયો હતો. આ તાલીમમાં બોરીયાલા, પંચવાડા અને દેવધા ગામના 70 જેટલા ખેડૂત ભાઈઓ-બહેનોએ ભાગ લીધો હતો, જેમને વિવિધ પાકોના પ્રમાણિત બીજ ઉત્પાદન વિશે વૈજ્ઞાનિક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કૃષિ વૈજ્ઞાનિકોએ મકાઈ, ચણા, ઘઉં અને લસણ જેવી સુધારેલી જાતોની લાક્ષણિકતાઓ તેમજ પ્રાકૃતિક ખેતીના મહત્વ વિશે ખેડૂતોને વિસ્તૃત માહિતી પૂરી પાડી હતી.



### એનએસ પટેલ આર્ટસ કોલેજમાં 'હિન્દી કાવ્યધારામાં રાષ્ટ્રીય ચેતના' વિષય પર રાષ્ટ્રીય સેમિનાર યોજાયો

**આણંદ |** આણંદની એન.એસ. પટેલ આર્ટસ કોલેજ, KCG અને RUSA ના સંયુક્ત ઉપક્રમે 'હિન્દી કાવ્યધારામાં રાષ્ટ્રીય અને સાંસ્કૃતિક ચેતના' વિષય પર એક દિવસીય રાષ્ટ્રીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું,. એસ.પી. યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર પ્રો. નિરંજન પટેલે યુવાનોને સાચા ભારતીય બનવાનો સંદેશ આપ્યો અને ટ્રસ્ટી અન્વેશભાઈ પટેલે હિન્દી ભાષાના મહત્વ પર ભાર મૂક્યો હતો. મુખ્ય વક્તા ડો. મિથિલેશ સિંઘે રાષ્ટ્રીય ચેતના જગાડવામાં ગાંધીજી અને સરદાર પટેલના પ્રદાન સાથે હિન્દી સાહિત્યના વિવિધ પાસાઓની વિસ્તૃત માહિતી આપી હતી. આ સેમિનારમાં દિલ્હી, મુંબઈ અને કર્ણાટક સહિત વિવિધ રાજ્યોના શિક્ષણવિદો હાજર રહ્યાં હતાં.



### સોજિત્રામાં ભવ્ય 'વિરાટ હિન્દુ સંમેલન' સંપન્ન સંગઠન શક્તિ દ્વારા રાષ્ટ્ર ઉત્થાનનો સંદેશ અપાયો

**સોજિત્રા |** સોજિત્રાના ફુનીબા પુસ્તકાલય ખાતે સમસ્ત હિન્દુ સમાજ દ્વારા આયોજિત 'વિરાટ હિન્દુ સંમેલન'માં સનાતન સંસ્કૃતિના રક્ષણ અને નવી ચેતનાના સંચાર માટે હાકલ કરવામાં આવી હતી. આ પ્રસંગે મુખ્ય વક્તાઓએ જણાવ્યું હતું કે સામાજિક સમરસતા અને સંગઠિત શક્તિ દ્વારા જ રાષ્ટ્ર સામેના પડકારોનો મક્કમતાથી સામનો કરી શકાય છે. કાર્યક્રમમાં પૂજ્ય સંતો-મહંતો અને RSSના જિલ્લા કાર્યવાહ ભાવેશભાઈ ત્રિપાઠી સહિતના મહાનુભાવોએ પ્રેરક ઉદબોધન આપ્યા હતા. આ પ્રસંગે મોટી સંખ્યામાં નાગરિકો હાજર રહ્યાં હતાં.




### બાકરોલની સ્પેક કોલેજ દ્વારા રાજસ્થાનનો બે દિવસીય શૈક્ષણિક પ્રવાસ સંપન્ન

**આણંદ |** તિરૂપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત સરદાર પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ એપ્લાઇડ સાયન્સ (સ્પેક), બાકરોલ દ્વારા વિદ્યાર્થીઓ માટે ઉદયપુર, કુંભલગઢ અને શ્રીનાથજીનો સફળ શૈક્ષણિક પ્રવાસ યોજાયો હતો. આ પ્રવાસમાં 30 વિદ્યાર્થીઓએ ઐતિહાસિક સ્થળોની મુલાકાત લઈ સાંસ્કૃતિક વારસો નિહાળ્યો અને શ્રીનાથજીના આશીર્વાદ મેળવી સામૂહિક જીવન, શિસ્ત અને ટીમવર્કના પાઠ શીખ્યા હતાં. આ સફળ આયોજન બદલ સંસ્થાના સેક્રેટરી શીતલ પટેલ તથા સમગ્ર સ્પેક મેનેજમેન્ટ દ્વારા આયોજકો અને વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.



### ખઝાંચી જ્વેલર્સે ક્યુ3માં મજબૂત નફાકારકતા દર્શાવી, EBITDA માર્જિનમાં નોંધપાત્ર વિસ્તરણ

**વડોદરા |** અગ્રણી કંપની ખઝાંચી જ્વેલર્સ લિમિટેડ દ્વારા નાણાકીય વર્ષ 26ના ત્રીજા ત્રિમાસિક અને નવ મહિનાના અનઓડિટેડ નાણાકીય પરિણામો જાહેર કરવામાં આવ્યા છે. નાણાકીય વર્ષ 2026ના ત્રીજા ત્રિમાસિકમાં કંપનીની કુલ આવક 589.26 કરોડ રહી છે, જે વાર્ષિક ધોરણે 49.60% ની વૃદ્ધિ દર્શાવે છે. આ ત્રિમાસિક ગાળામાં કંપનીનો ચોખ્ખો નફો 25.13 કરોડ રહ્યો છે અને PAT માર્જિન 4.26% પર પહોંચ્યું છે. નવ મહિનાના સમયગાળા દરમિયાન કંપનીએ કુલ 1,542.02 કરોડની આવક અને 63.82 કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. કંપનીનું EBITDA 114.51% ના ઉછાળા સાથે 35.34 કરોડ નોંધાયું છે, જે મજબૂત કાર્યક્ષમતા સૂચવે છે. ચેરમેન રાજેશ મહેતાએ આ સફળતા માટે ડિઝાઇન ઇનોવેશન, બ્રાન્ડ બિલ્ડિંગ અને ગ્રાહક અનુભવ પરના ધ્યાનને શ્રેય આપ્યો છે. કંપનીએ B2B અને B2C બંને સેગમેન્ટમાં સંતુલિત વૃદ્ધિ હાંસલ કરી છે, જે લાંબા ગાળાના વિકાસ માટે પાયારૂપ છે. ઇન્વેન્ટરી ડિસિપ્લિન અને બજારમાં મજબૂત સ્થિતિને કારણે કંપનીની નફાકારકતામાં સતત વધારો જોવા મળી રહ્યો છે.

### નડિયાદમાં 'જાત-પાંત પૂછે નહીં કોઈ, એક રહે'ના મંત્ર સાથે ભવ્ય હિન્દુ સંમેલન યોજાયું




**નડિયાદ |** નડિયાદના હરિ ઓમ નગરમાં હિન્દુ સંમેલન સમિતિ દ્વારા સનાતન ધર્મ રક્ષા અને સામાજિક સમરસતાના ઉમદા હેતુથી ભવ્ય સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્વામી પરમેશ્વર દાસજીએ 'એક રહે'ના મંત્ર સાથે સમાજને સંગઠિત થવા હાકલ કરી અને મુખ્ય વક્તા મનસુખભાઈ પટેલે 'પંચ પરિવર્તન'નો વિચાર રજૂ કર્યો હતો. આ કાર્યક્રમમાં નારી સશક્તિકરણ પર ભાર મૂકવા સાથે સ્થાનિક બાળકોએ વીર શિવાજી અને અહલ્યાબાઈ હોળકરના જીવન પ્રસંગો મંત્રમુગ્ધ રીતે રજૂ કર્યા હતા. રાષ્ટ્રભક્તિ અને ભક્તિમય માહોલમાં યોજાયેલા આ સંમેલનમાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

### નર્મદા એગ્રોબેઝે ક્યુ3માં મજબૂત વૃદ્ધિ નોંધાવી, આવકમાં 52.86%નો ઉછાળો

વડોદરા | પશુ આહાર અને કૃષિ બાયપ્રોડક્ટ્સની અગ્રણી કંપની નર્મદા એગ્રોબેઝ લિમિટેડે નાણાકીય વર્ષ 26ના ત્રીજા ત્રિમાસિક અને નવ મહિનાના પરિણામો જાહેર કર્યા છે. જેમાં કંપનીની કુલ આવક 2,164.31 લાખ નોંધાઈ છે. ગત વર્ષના સમાન સમયગાળાની સરખામણીમાં કંપનીની આવકમાં 52.86%નો નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. આ સમયગાળામાં કંપનીનો EBITDA 167.49 લાખ અને ચોખ્ખો નફો (PAT) 101.34 લાખ રહ્યો છે. ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ નવ મહિનામાં કંપનીએ કુલ 4,533.82 લાખની આવક મેળવી છે. નવ મહિનાના ગાળા દરમિયાન કંપનીનો કુલ EBITDA 494.98 લાખ અને ચોખ્ખો નફો 305.91 લાખ નોંધાયો છે. એમડી નીરજ અગ્રવાલે જણાવ્યું કે, અસરકારક સોર્સિંગ અને પ્રોડક્ટ્સની મજબૂત માંગને કારણે આ સ્થિર નફાકારકતા પ્રાપ્ત થઈ છે. બજારની ગતિશીલ પરિસ્થિતિઓ વચ્ચે પણ કંપનીએ શિસ્તબદ્ધ અમલીકરણ દ્વારા સંતુલિત વિકાસ જાળવી રાખ્યો છે. કંપની હવે કાર્યકારી કાર્યક્ષમતા, ગુણવત્તા અને ખર્ચ નિયંત્રણ પર સતત ધ્યાન કેન્દ્રિત કરી રહી છે.

### ડીએન ઇન્સ્ટિટ્યૂટના વિદ્યાર્થીઓએ વડોદરા 'એન્જિનિયરિંગ એક્સ્પો-2026'ની મુલાકાત લીધી



**આણંદ |** ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત ડી.એન. ઇન્સ્ટિટ્યૂટના જનરલ અને આઈટીએમ વિભાગના વિદ્યાર્થીઓએ વડોદરા ખાતે 'એન્જિનિયરિંગ એક્સ્પો-2026'ની શૈક્ષણિક મુલાકાત લીધી હતી. આ પ્રવાસ દરમિયાન વિદ્યાર્થીઓએ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, રોબોટિક્સ અને ઇન્ડસ્ટ્રી 4.0 જેવી અદ્યતન ટેકનોલોજી તથા સ્ટાર્ટઅપ મોડલ્સ વિશે પ્રત્યક્ષ જ્ઞાન મેળવ્યું હતું. આ પ્રદર્શન દ્વારા વિદ્યાર્થીઓને નવીન ટેકનોલોજીના ઉપયોગ અને ભવિષ્ય માટે જરૂરી કૌશલ્યો અંગે નિષ્ણાતોનું માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું. કોલેજના પ્રોફેસર ડો. રાકેશ આર. ભોઈ દ્વારા આયોજન કરાયું હતું.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### નડિયાદના માતૃછાયા આશ્રમ ખાતે વિદ્યાર્થીઓ માટે પરીક્ષા માર્ગદર્શન સેમિનાર યોજાયો




**નડિયાદ |** સંત આન્ના પરિવાર 'માતૃછાયા' દ્વારા આયોજિત આ સેમિનારમાં સ્લમ અને ગ્રામ્ય વિસ્તારના 65 જેટલા નિરાધાર વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. શિક્ષણવિદ્ નિષ્ણાતો દ્વારા વિદ્યાર્થીઓને પરીક્ષાની બ્લ્યુ પ્રિન્ટ, સમયપત્રકનું આયોજન અને યાદ રાખવાની પદ્ધતિઓ વિશે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જજ ડી. બી. જોશીએ પરીક્ષાને ઉત્સવ તરીકે ઉજવવા પ્રેરણા આપી, જ્યારે નિષ્ણાતોએ માનસિક શાંતિ અને એકાગ્રતા વધારવા અંગે ટિપ્સ પૂરી પાડી હતી. પ્રશ્નોત્તરી સત્ર દ્વારા વિદ્યાર્થીઓની મુંઝવણોનું નિરાકરણ લાવવામાં આવ્યું હતું.

### ચાંગા સ્થિત ચારુસેટ યુનિવર્સિટી ખાતે 'સ્પાર્કાથોન 2.0' ઇવેન્ટનું ભવ્ય આયોજન કરાયું




આણંદ | ચાંગાની ચારુસેટ યુનિવર્સિટી સંલગ્ન આરપીસીપી દ્વારા યુવા વિદ્યાર્થીઓમાં ઇનોવેશન અને વૈજ્ઞાનિક વિચારધારાને પ્રોત્સાહન આપવા 'સ્પાર્કાથોન 2.0'નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં 30 શાળાઓના વિદ્યાર્થીઓએ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, રોબોટિક્સ અને સસ્ટેનેબિલિટી જેવા વિષયો પર પોસ્ટર અને આઇડિયા પ્રેઝન્ટેશન દ્વારા પોતાની પ્રતિભા દર્શાવી હતી. આ સ્પર્ધામાં પોદાર ઇન્ટરનેશનલ સ્કૂલ વિજેતા બની હતી, જ્યારે ડી.ઝેડ. પટેલ હાઇ સ્કૂલ અને પીએમ જવાહર નવોદય વિદ્યાલય અનુક્રમે રનર-અપ રહી હતી. આ ઇવેન્ટનો હેતુ વિદ્યાર્થીઓને નિષ્ણાતો સાથે જોડીને ઇનોવેશન-આધારિત શિક્ષણ અને સંશોધનનો પ્રત્યક્ષ અનુભવ પૂરો પાડવાનો હતો.

### સર્વેશ્વર ફૂડ્સનું નાણાકીય વર્ષ 26માં મજબૂત 9મહિનાનું પ્રદર્શન, આવક 966 કરોડને પાર

**વડોદરા |** સર્વેશ્વર ફૂડ્સ લિમિટેડે નાણાકીય વર્ષ 26ના પ્રથમ નવ મહિનામાં 966.43 કરોડની કુલ આવક સાથે મજબૂત નાણાકીય પ્રદર્શન નોંધાવ્યું છે, જે વાર્ષિક ધોરણે 22.45 ટકાની વૃદ્ધિ દર્શાવે છે. કંપનીના ચોખ્ખા નફામાં 33.44 ટકાનો જંગી ઉછાળો આવતા તે 24.47 કરોડ સુધી પહોંચ્યો છે. આ સમયગાળામાં EBITDA 54.42 કરોડ નોંધાયું છે, જ્યારે માત્ર ત્રીજા ત્રિમાસિકમાં જ કંપનીએ 9.22 કરોડનો નફો મેળવ્યો છે. ચેરમેન શ્રી રોહિત ગુપ્તાએ જણાવ્યું કે, કોમોડિટીના ભાવમાં વધ-ઘટ છતાં નાણાકીય શિસ્ત અને પ્રોડક્ટ મિક્સના સુધારા થકી આ નફાકારક વૃદ્ધિ હાંસલ થઈ છે. વૈશ્વિક બજારમાં પ્રીમિયમ બાસમતી ચોખા અને ઓર્ગેનિક ફૂડ માટે વધતી માંગને કારણે કંપનીને આવનારા સમયમાં પણ વૃદ્ધિની મોટી તકો દેખાઈ રહી છે. કંપની હવે પોતાના બ્રાન્ડેડ પોર્ટફોલિયોના વિસ્તરણ અને સોર્સિંગ બેઝને વધુ મજબૂત કરવા પર ધ્યાન આપી રહી છે. માર્જિનમાં સુધારો અને લાંબા ગાળાના મૂલ્ય સર્જન માટે કંપની આત્મવિશ્વાસ સાથે આગળ વધી રહી છે. બજારમાં સ્થિરતા જાળવી રાખીને કંપનીએ રોકાણકારો માટે સકારાત્મક વલણ દર્શાવ્યું છે.